# BUSINESS મિત્ર

### ઇરાન-યુએસ વિવાદથી બજાર ગેપડાઉન ખૂલ્યું, પણ IT સેક્ટરમાં ૩%ના ઉછાળાએ ધોવાણ બચાવ્યું

# ગ્લોબલ ટેન્શન વચ્ચે માર્કેટમાં 'આઇટી'નો જોશ

**રોકાણકારોએ** કમાયા ૩.૧ લાખ કરોડ

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 13:** ઈરાન-યુએસનો તણાવ ફરીથી વધી ગયો છે અને હોર્મુઝ સ્ટ્રેટ ઉપર અસર શરૂ થઇ છે, એટલે કે હોર્મુઝ સ્ટ્રેટ બંધ થઇ ગઇ છે, જેના લીધે ક્રુડ ઓઇલના ભાવમાં વધઘટ જોવા મળી હતી, જેના પરિણામે વૈશ્વિક બજારોની પાછળ આજે ભારતીય શેરબજારે ગેપડાઉન ઓપનીંગ કર્યા હતા. પરંતુ આજે આઇટી શેરોના જોશથી આ ઘટાડો ભૂંસાઇ ગયો હતો અને છેલ્લે સેન્સેક્સ-નિફ્ટી સપાટ બંધ રહ્યા હતા. આઇટી સેકટરના જોશના લીધે રોકાણકારોએ એક લાખ કરોડ રૂપિયાની કમાણી કરી હતી.

બ્રોડર માર્કેટમાં પણ અડધા ટકાના ઘટાડા સાથે ખુલ્યા બાદ તે રીકવર થઇને સપાટ બંધ રહ્યા હતા. જોકે, આજે શેરબજારને આઇટી સેકટરનો મજબૂત ટેકો મળ્યો હતો. જે અડધા ટકાનો પોઝિટિવ ખુલ્યા બાદ આઇટી ઇન્ડેક્સ 3 ટકા સુધી ઉછળ્યો હતો. જોકે, એફએમસીજી અને મેટલ શેરોમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું.

બીએસઇ સેન્સેક્સ 47.01 પોઇન્ટ એટલે કે 0.06 ટકા સુધરીને 77616.40 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 77789 પોઇન્ટ સુધી ઉછળ્યો છે, જ્યારે નીચામાં 76857 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 4.10 પોઇન્ટ એટલે કે 0.02 ટકા વધીને 24211 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 24259 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24000 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 85.55 પોઇન્ટ એટલે કે 0.15 ટકા સુધરીને 58131.45 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે યુનાઇટેડ બ્રેવરેજીસમાં 14.86 ગણા, આધાર હાઉસીંગ ફાઇ.માં 10.94 ગણા, એલ્જી ઇક્વીપમેન્ટમાં 6.68 ગણા, હેવલ્સ ઇન્ડિયામાં 5.55 ગણા અને ગ્રેટ ઇસ્ટર્ન શીપીંગમાં 4.83 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કેનેરા એચએસબીસી લાઇફ ઇન્સ્યોરેન્સમાં 19.4 ગણા, એફલ થ્રીઆઇમાં 8.14 ગણા, નીવા બુપા હેલ્થ ઇન્સ્યોરેન્સમાં 8.05 ગણા, ન્યુજન સોફ્ટવેરમાં 6.1 ગણા અને અનુપમ રસાયણમાં 5.85 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં રીકવરી જોવા મળી હતી, જેઓ પોઝિટિવ સપાટ બંધ રહ્યા હતા. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.02 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.25 ટકા વધ્યો હતો, જેની માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઇ ખાતે 2341 શેરો વધ્યા હતા, જ્યારે 2061 શેરો ઘટ્યા હતા અને 202 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ બજારમાં સપ્ટેમ્બર સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 2.238 ટકા વધીને 77.82 ડોલર પ્રતિ બેરલ બોલાતો હતો, પણ તેમાં કોઇ મોટો ઉછાળો આવ્યો નહોવાથી બજારમાં મજબૂતાઇ પરત ફરતી જોવા મળી હતી. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 2.59 ટકા વધ્યો હતો, જેમાં ટીસીએસ, એચસીએલ ટેકનો, ટેક મહિન્દ્રા, ઇન્ફોસીસ, એમફાસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ, કોફોર્જ, એલટીએમ, વિપ્રો અને ઓરેકલ ફાઇ. સર્વિસીસ વધ્યો હતો.

## રૂપિયામાં નરમાઇ આગળ વધી

અમેરિકા-ઇરાન વચ્ચેનો તણાવ વધુ ગંભીર થયો હતો અને બંને દેશોમાં હવાઇ હુમલાની ઘટનાઓના પગલે ક્રુડ ઓઇલમાં સુધારો જોવાયો હતો, જેથી ડોલરમાં થોડી મજબૂતાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 29 પૈસા ઘટીને 95.62ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.33ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.65, પાઉન્ડ 127.49, કેનેડિયન ડોલર 67.81, ઓસ્ટ્રેલિયન ડોલર 65.97, જાપાનીઝ યેન 0.5898 અને સીંગાપોર ડોલર 74.12ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.62 રૂ. |
| યુરો | 108.65 રૂ. |
| પાઉન્ડ | 127.49 રૂ. |
| યેન | 0.5898 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 47.01 | 77616.40 |
| નિફ્ટી | 4.10 | 24211.00 |
| બેન્ક નિફ્ટી | 85.55 | 58131.45 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 5.44 | 2181.50 |
| એચસીએલ ટેકનો | 4.91 | 1221.20 |
| ટેક મહિન્દ્રા | 3.42 | 1504.50 |
| ઇન્ફોસીસ | 3.24 | 1102.60 |
| બજાજ ઓટો | 2.22 | 10381.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ગ્રાસીમ ઇન્ડ. | 2.16 | 3144.30 |
| ટાટા સ્ટીલ | 2.13 | 187.11 |
| નેસલે ઇન્ડિયા | 1.94 | 1427.00 |
| ઇન્ટરગ્લોબ | 1.55 | 5229.50 |
| ઇટર્નલ | 1.54 | 285.20 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 5.43 | 2181.45 |
| એચસીએલ ટેકનો | 5.02 | 1221.00 |
| ટેક મહિન્દ્રા | 3.34 | 1504.05 |
| ઇન્ફોસીસ | 3.17 | 1101.90 |
| એનટીપીસી | 2.18 | 352.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 2.09 | 187.15 |
| ઇટર્નલ | 1.55 | 285.15 |
| ઇન્ટરગ્લોબ | 1.30 | 5241.75 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.11 | 11583.30 |
| મારૂતિ સુઝુકી | 1.11 | 13705.40 |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૬૩૦૦ |
| તેજાબી સોનું | ૧૪૬૨૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૯૯૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૩૩૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૬૩૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૪૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૬૦૦૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-૩૦ | ૪૫૫૦ |
| એસ-૩૦ | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૪૫૦ |
| એસ-૩૦ | ૪૩૫૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# અનલિસ્ટેડ બજારમાં રોકાણ કરનારા રોકાણકારોને મોટું નુકશાન

**એનએસઇના** અનલિસ્ટેડના ભાવની સામે આઇપીઓ કેટલા ડિસ્કાઉન્ટે આવશે?

**એસબીઆઇ** ફંડસના આઇપીઓ પણ અનલિસ્ટેડ કિંમત કરતા 32 ટકા ડિસ્કાઉન્ટ પર

**ટાટા** ટેક, SBI ફંડ્સ અને વારી એનર્જીઝ જેવા ધમાકેદાર IPOમાં અનલિસ્ટેડ પ્રાઇસ કરતાં અડધા ભાવે ઓફર મળતાં પ્રી-IPO ઇન્વેસ્ટર્સ ફસાયા; SEBIની ચેતવણી

મુંબઇ, તા. 13: ભારતીય શેરબજારમાં IPOનો ક્રેઝ ચરમસીમાએ છે, પરંતુ પ્રાઇમરી માર્કેટની સમાંતર ચાલતા 'અનલિસ્ટેડ માર્કેટ' (પ્રી-IPO સ્પેસ)માં રોકાણ કરનારાઓ માટે લાલબત્તી સમાન કિસ્સા સામે આવ્યા છે. IPOમાં એલોટમેન્ટ ન મળવાના ડરથી જે રોકાણકારો લિસ્ટિંગ પહેલાં જ મોંઘા ભાવે અનલિસ્ટેડ શેર ખરીદી લે છે, તેઓ હવે કરોડોના નુકસાનમાં છે. તાજેતરના ડેટા દર્શાવે છે કે ઘણી દિગ્ગજ કંપનીઓના IPO તેમની અનલિસ્ટેડ માર્કેટની કિંમત કરતાં ૨૫% થી ૫૦% સુધીના જંગી ડિસ્કાઉન્ટ પર આવ્યા છે.

**મોટા હાઇપ અને ડિસ્કાઉન્ટનો અસલી ચહેરો:**

**ટાટા ટેક્નોલોજીસ:** નવેમ્બર ૨૦૨૩માં અનલિસ્ટેડ ભાવ ૯૫૦ હતો, પણ IPO માત્ર ૪૭૫-૫૦૦માં આવ્યો (૪૭% ડિસ્કાઉન્ટ).

**SBI ફંડ્સ:** જૂનમાં અનલિસ્ટેડ કિંમત ૮૫૦ હતી, જ્યારે IPO પ્રાઇસ ૫૭૪ નક્કી કરાઇ (૩૨% ડિસ્કાઉન્ટ).

**પીબી ફિનટેક (પોલિસીબજાર):** ૧૮૦૦ના અનલિસ્ટેડ ભાવ સામે IPO ૯૪૦-૯૮૦ની પ્રાઇસ બેન્ડ પર આવ્યો (૪૫% ડિસ્કાઉન્ટ).

**વારી એનર્જીઝ અને દિલ્હીવેરી:** બંનેમાં અનલિસ્ટેડ માર્કેટના ટોચના ભાવો (વારીમાં અંદાજે ૨૭૦૦) સામે IPO અડધી કિંમતે (૫૦% ડિસ્કાઉન્ટ) ખૂલ્યા હતા.

**HDB ફાઇનાન્સિયલ અને UTI AMC:** આ બંને ફેમસ શેરોમાં પણ IPO પ્રાઇસ અનલિસ્ટેડ પ્રીમિયમ કરતાં ૪૦% થી ૫૦% ઓછી રહી હતી.

**રોકાણકારો માટે મોટી ચેતવણી:**

અનલિસ્ટેડ માર્કેટમાં પ્રવાહિતા (લિક્વિડિટી) ખૂબ ઓછી હોય છે. કંપનીની વાસ્તવિક કિંમત જાણ્યા વિના માત્ર ઊંચા નફાની લાલચમાં પ્રી-IPO શેરો ખરીદવા એ જાળમાં ફસાવા બરાબર છે. હવે આગામી નજર NSEના IPO પર હાલમાં બજારમાં સૌથી વધુ ચર્ચા જેની છે તે NSE (નેશનલ સ્ટોક એક્સચેન્જ)ના આગામી IPOની છે. અનલિસ્ટેડ માર્કેટમાં તેનો ભાવ ૨૫૦૦ સુધી બોલાઈ ચૂક્યો છે. પરંતુ ભૂતકાળના ટ્રેન્ડ અને SBI ફંડ્સના ઝટકાને જોતાં, રોકાણકારો આતુરતાથી જોઈ રહ્યા છે કે NSE તેના IPOની કિંમતમાં કેટલું ડિસ્કાઉન્ટ રાખે છે. બજારના નિષ્ણાતો અને સેબી (SEBI) રોકાણકારોને આવા પ્રી-IPO હાઇપથી સાવધ રહેવા સતત અપીલ કરી રહ્યા છે.

# મ્યુચ્યુઅલ ફંડ્સને 1 સપ્ટેમ્બરથી ઈન્ટ્રાડે ધિરાણ લેવાની મંજૂરી

**લિક્વિડિટીની** અછત દૂર કરવા અને રિડેમ્પશન પ્રક્રિયા સરળ બનાવવા નવું માળખું જાહેર; તમામ લોન ખર્ચ એસેટ મેનેજમેન્ટ કંપનીઓ (AMC) ભોગવશે, રોકાણકારો પર કોઈ બોજ નહીં

મુંબઈ, તા. 13: ભારતીય શેરબજારના નિયમનકાર સેબી (SEBI) દ્વારા મ્યુચ્યુઅલ ફંડ્સ માટે એક મોટો અને મહત્વપૂર્ણ સુધારો જાહેર કરવામાં આવ્યો છે. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬થી મ્યુચ્યુઅલ ફંડ્સ તેમની કામચલાઉ રોકડ પ્રવાહની જરૂરિયાતો (લિક્વિડિટી મિસમેચ)ને પૂરી કરવા માટે ઈન્ટ્રાડે એટલે કે એક દિવસીય ધિરાણ મેળવી શકશે. આ ફેરફારનો મુખ્ય ઉદ્દેશ ગ્રાહકોના રિડેમ્પશન અને ટ્રેડ સેટલમેન્ટની પ્રક્રિયાને વધુ ઝડપી અને ઓપરેશનલ વિલંબ વગરની બનાવવાનો છે.

નવા નિયમોની મુખ્ય વિગતો:

ઉપયોગ ક્યાં થશે?: ફંડ હાઉસિસ આ ઈન્ટ્રાડે લોનનો ઉપયોગ યુનિટધારકોની રિડેમ્પશન વિનંતીઓ પર પ્રક્રિયા કરવા, આવકના વિતરણ, નવા રોકાણોના પે-ઈન, ફોરેન એક્સચેન્જ સેટલમેન્ટ અને માર્ક-ટુ-માર્કેટ જવાબદારીઓ પૂરી કરવા માટે કરી શકશે. ચુકવણીની કડક શરત: બધી જ ઈન્ટ્રાડે લોન ટ્રેડિંગ દિવસના અંત પહેલાં (બજાર બંધ થાય તે પહેલાં) ચૂકવી દેવી ફરજિયાત છે. જો તે જ દિવસે લોન ચૂકવવામાં ન આવે, તો તે તરત જ વધુ કડક નિયમો ધરાવતી 'ઓવરનાઈટ ધિરાણ'ની શ્રેણીમાં આવી જશે, જેથી સ્કીમ્સ પર લાંબા ગાળાનું દેવું એકઠું ન થાય.

રોકાણકારોની સુરક્ષા: સેબીએ સ્પષ્ટ આદેશ આપ્યો છે કે ઈન્ટ્રાડે ધિરાણ સંબંધિત તમામ વ્યાજ કે અન્ય ખર્ચ એસેટ મેનેજમેન્ટ કંપનીએ પોતે ભોગવવા પડશે. આ ખર્ચનો કોઈપણ બોજ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ કે સામાન્ય રોકાણકારો પર નાખી શકાશે નહીં.

પારદર્શિતા જાળવવા માટે, મ્યુચ્યુઅલ ફંડ ટ્રસ્ટીઓના બોર્ડે આ અંગે એક ઔપચારિક નીતિ બનાવીને પોતાની વેબસાઈટ પર મૂકવી પડશે તેમજ લિક્વિડિટીની અછત કેમ સર્જાઈ તેનો વિગતવાર આંતરિક રેકોર્ડ પણ રાખવો પડશે.

# ૨૦૨૯ સુધીમાં સંરક્ષણ નિકાસ ૫૦,૦૦૦ કરોડે પહોંચશે

**કોટક** ઇન્સ્ટિટ્યુશનલ ઇક્વિટીઝનો રિપોર્ટ: બ્રહ્મોસ, આકાશ અને પિનાકા જેવા સ્વદેશી હથિયારોનો ગ્લોબલ માર્કેટમાં ડંકો; રોકાણકારોને મોંઘા વેલ્યુએશનથી સાવધ રહેવા સલાહ

નવી દિલ્હી, તા. 13: નાણાકીય વર્ષ 2029 સુધીમાં ભારતીય ડિફેન્સ નિકાસ રૂ. 50000 કરોડને સ્પર્શી શકે છે. કોટક ઇન્સ્ટીટયુશનલ ઇક્વિટીઝ રિપોર્ટ અનુસાર સ્વદેશી શસ્ત્રો, વધતુ ડિફેન્સ બજેટ, મેક ઇન ઇન્ડિયા અને મજબૂત ઓર્ડર પાઇપલાઇનથી ભારતીય ડિફેન્સ કંપનીઓના વૈશ્વિક બજાર હિસ્સામાં વધારો થવાની અપેક્ષા છે. જોકે, ઉંચા વેલ્યુએશનને કારણે રોકાણકારોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. આગામી વર્ષોમાં ભારતનું ડિફેન્સ સેકટર ઝડપી વૃદ્ધિ પામશે. 2029 સુધીમાં વિદેશમાં ભારતીય હથિયારોનું વેચાણ વધીને 50000 કરોડ સુધી પહોંચવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ 2026-27માં તે લગભગ 38400 કરોડ રૂપિયા થવાની ધારણા છે. રિપોર્ટ અનુસાર ભારતના સ્વદેશી શસ્ત્રોને વૈશ્વિક બજારમાં ઝડપથી ઓળખ મળી રહી છે. ઘણા દેશોની વધતી માગ, વિશ્વભરમાં વધતા સંરક્ષણ બજેટ અ સરકારની મેક ઇન ઇન્ડિયા અને સ્વદેશીકરણની નીતિઓ સ્થાનિક ડિફેન્સ ઉત્પાદનને મજબૂત કરી રહી છે, જેથી વિશ્વભરમાં ભારતનો હિસ્સો વધવાની સંભાવના છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 2014માં ડિફેન્સની નિકાસ માત્ર 700 કરોડ હતી, તે 2026માં વધઈને રૂ. 38400 કરોડ થશે, જ્યારે આકાશ મિસાઇલ સીસ્ટમ, પિનાકા મલ્ટીબેરલ રોકેટ લોન્ચર, બ્રહ્મોસ ક્રુઝ મિસાઇલ અને નાગસ્ત્ર લોઇટરીંગ મ્યુનિશન જેવા સ્વદેશી પ્લેટફોર્મે આ વૃદ્ધિમાં મહત્વની ભૂમિકા ભજવી છે.

# એબીબી સાથે ડીલ થતા ટીસીએસમાં 5 ટકાનો ઉછાળો

**ટીસીએસ** સ્વીસ એન્જિનીયરીંગ કંપની એબીબીના સમગ્ર વૈશ્વિક નેટવર્કની કામગીરી સંભાળશે

મુંબઇ, તા. 13: ટાટા ગ્રુપની દિગ્ગજ આઇટી કંપની ટીસીએસને વિશ્વની અગ્રણી એન્જિનીયરીંગ કંપની એબીબી સાથેના લાંબા ગાળાના ડીલના અહેવાલથી જબરો ઉછળ્યો હતો. ટીસીએસમાં છ ટકાનો ઉછાળો જોવાયો હતો અને તેની પાછળ અન્ય આઇટી કંપનીઓના શેરોમાં પણ ચમક જોવા મળી હતી.

ટીસીએસે એકસચેન્જ ફાઇલીંગમાં જણાવ્યું હતું કે, આ ડીલમાં તેઓ સ્વીસ એન્જિનીયરીંગ કંપની એબીબીના સમગ્ર વૈશ્વિક નેટવર્કની કામગીરીને સંભાળશે. માત્ર આઇટી ઇન્ફ્રાસ્ટ્રકચર અને એપ્લિકેશન મેનેજમેન્ટ જ નહીં, પણ ટીસીએસ એ નેટવર્ક એઝ એ સર્વિસ મોડલ દ્વારા એન્ડ ટુ એન્ડ નેટવર્ક કામગીરીની જવાબદારી લીધી છે.

આ પ્રોજેક્ટ હેઠળ ટીસીએસ એબીબીના નેટવર્કને એઆઇ આધારિત, સુરક્ષિત અને આધુનિક ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રકચરમાં પરિવર્તિત કરશે. આનાથી વપરાશકર્તા અનુભવમાં સુધારો થશે, ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો થશે અને સાયબર સુરક્ષાને પણ મજબૂત બનાવશે.

ટીસીએસના મેન્યુફકેચરીંગ બિઝનેસ પ્રેસીડન્ટ અનુપમ સિંઘલે જણાવ્યું હતું કે, એઆઇની મદદથી કંપની એક એવું નેટવર્ક બનાવશે જે પરિવર્તનને સમજી શકે અને જરૂરિયાત સાથે પોતાને અનુકુળ થઇ શકે અને વધુ સારૂ થતું રહેશે.

# કોમર્શિયલ ગ્રાહકો માટે ટૂંક સમયમાં આવશે 10 કિલોના LPG સિલિન્ડર

**કાફે,** ફૂડ કિઓસ્ક અને વિદ્યાર્થીઓને થશે મોટો ફાયદો; પરંપરાગત સિલિન્ડર કરતાં ૫૦% વજન ઓછું

મુંબઈ, તા. 13: ઓઇલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) હવે ઘરેલુ ગ્રાહકોની જેમ કોમર્શિયલ વપરાશકર્તાઓ માટે પણ 10 કિલોના હળવા વજનના કમ્પોઝિટ LPG સિલિન્ડર લાવવાની યોજના બનાવી રહી છે. આ દરખાસ્ત મંજૂર થતાં જ ગેસ એજન્સીઓ અને રિટેલ આઉટલેટ્સ પર કોમર્શિયલ દરે આ સિલિન્ડર ઉપલબ્ધ થશે.

આ નિર્ણયથી ખાસ કરીને જગ્યાની અછત ધરાવતા કાફે, ફૂડ કિઓસ્ક, હોસ્ટેલના વિદ્યાર્થીઓ અને સ્થળાંતરિત કામદારોને મોટી રાહત મળશે, જેમના માટે ૧૯ કિલોના મોટા કોમર્શિયલ સિલિન્ડર રાખવા મુશ્કેલ હોય છે.

વજનમાં હળવા: હાઇ-ડેન્સિટી પોલિઇથિલિન આધારિત આ થ્રી-લેયર સિલિન્ડર સ્ટીલના સિલિન્ડર કરતાં ૫૦% હળવા હોવાથી ઉપરના માળે લઈ જવામાં સરળ છે.

અર્ધપારદર્શક બોડી: આના લીધે ગ્રાહકો કોઈપણ ગેજ વગર જ અંદર બચેલો ગેસ જોઈ શકશે અને રિફિલિંગનું આયોજન કરી શકશે.

હાલમાં ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમત ૨,૯૩૦ છે, જ્યારે ૧૪.૨ કિલોના ઘરેલુ સિલિન્ડરની કિંમત ૯૪૨ છે. આ નવું કદ નાના વેપારીઓ માટે આર્થિક અને સુવિધાજનક સાબિત થશે.

# ભારત-યુએસ મેગા ટ્રેડ ડીલનો મુસદ્દો તૈયાર

**હરીફ** દેશોની સરખામણીએ ટેરિફમાં વધુ ફાયદો મેળવવા ભારતનો આગ્રહ યોગ્ય સમયે થશે ઐતિહાસિક હસ્તાક્ષર

નવી દિલ્હી, તા. 13 (પીટીઆઈ): ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર માટેની વાટાઘાટો ખૂબ જ સારી દિશામાં આગળ વધી રહી છે અને બંને દેશો વચ્ચેનો સોદાનો મુસદ્દો તૈયાર છે, જેના પર યોગ્ય સમયે હસ્તાક્ષર કરવામાં આવશે તેમ એક વરિષ્ઠ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. ભારત આ કરારમાં અન્ય હરીફ દેશોની સરખામણીએ ટેરિફના મોરચે વધુ ફાયદો મેળવવા ઈચ્છે છે.

અધિકારીએ સ્પષ્ટ કર્યું કે બંને દેશો સોદાના માળખા અને દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) બંને પર સાથે કામ કરી રહ્યા છે અને બંને પક્ષો એકબીજાની અપેક્ષાઓથી સંપૂર્ણ માહિતગાર છે. આ મામલે કોઈ મતભેદ કે નકારાત્મકતા નથી. ગયા મહિને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીર વચ્ચે આ અંગે બેઠક પણ યોજાઈ હતી. પીયૂષ ગોયલે સોશિયલ મીડિયા પર મીડિયા અહેવાલોનું ખંડન કરતાં જણાવ્યું કે બંને ટીમો એવો સંતુલિત વેપાર કરાર કરવા માટે પ્રતિબદ્ધ છે જે વ્યવસાયો, ખેડૂતો અને ગ્રાહકોને વાસ્તવિક લાભ પહોંચાડે. બીજી તરફ, વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું કે ભારત હાલમાં યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝેન્ટેટીવ (USTR) દ્વારા ફરજિયાત શ્રમ (ફોર્સ્ડ લેબર) અને અતિશય ઔદ્યોગિક ક્ષમતા (એક્સેસ કેપેસિટી) અંગે ચાલી રહેલી 'સેક્શન 301' તપાસ પર નજીકથી નજર રાખી રહ્યું છે. USTRએ ભારત અને ચીન સહિત 54 અર્થતંત્રો પર 12.5 ટકાની વધારાની ટેરિફ લાદવાની દરખાસ્ત કરી છે. ભારતે તેનો વિરોધ કરતાં અમેરિકાને આ એકપક્ષીય પગલા પર પુનર્વિચાર કરવા અને વેપારના પ્રશ્નો દ્વિપક્ષીય વાટાઘાટો દ્વારા ઉકેલવા વિનંતી કરી છે. સેક્શન 301ની આ તપાસ હજુ ચાલુ હોવાથી અંતિમ નિર્ણય આવતા 4થી 6 મહિના લાગશે, પરંતુ ભારત-યુએસ વેપાર કરાર પર હસ્તાક્ષર થતાં જ વેપાર સંબંધોના તમામ પાસાઓ ઉકેલાઈ જશે તેવી આશા છે.

## ટ્રેડ ડીલ અટકી હોવાના અહેવાલો પાયાવિહોણા: પિયુષ ગોયલ

નવી દિલ્હી, તા. 13: ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડડીલની વાટાઘાટો બંધ થઇ ગઇ છે, તે વાતોને નકારી કાઢતા વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પિયુષ ગોયલે કહ્યું કે, અમેરિકા સાથેનો વેપાર કરાર પર ભારતે આગળ વધવાનો ઇન્કાર કર્યો છે, તે વાત સંપુર્ણપણે ખોટી, પાયાવિહોણી અને ભ્રામક છે. એક્સ પર એક પોસ્ટમાં કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમિસન ગ્રીર સાથે તેમની બેઠકો થઇ હતી અને આ વાટાઘાટો ટ્રેક પર જ છે. જેથી આ સમાચાર સંપુર્ણપણે ખોટા, પાયાવિહોણા છે. યુએસટીઆર જેમિસન ગ્રીર જ્યારે જુનમાં દિલ્હીની મુલાકાત દરમ્યાન ખૂબજ સારી મુલાકાત થઇ હતી. બંને પક્ષોએ સંતુલિત, વ્યાપારીરીતે અર્થપુર્ણ અને બંને દેશોમાં વ્યવસાયો, ખેડૂતો, કામદારો અને ગ્રાહકો માટે લાભકારી કરાર પ્રત્યે તેમની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. તેમણે અનામી અધિકારીઓને ટાંકીને એવા અહેવાલોના જવાબમાં આ ટિપ્પણી કરી હતી કે ભારતે અમેરિકા સાથેના ઝડપી વચગાળાના વેપાર કરારને નકારી કાઢ્યો હતો અને ગયા મહિને વાટાઘાટો કરવામાં નિષ્ફળ ગયા પછી વધુ સારી શરતો માટે પકડી રહ્યું હતું.

## એચસીએલ ટેકનો નફો 20 ટકા વધ્યો, ડિવિડન્ડની જાહેરાત

મુંબઇ, તા. 13: આઇટી કંપની એચસીએલ ટેકનોએ જુન કવાર્ટરના પરિણામ જાહેર કર્યા છે. જે અંદાજ કરતા પણ સારા પરિણામ આવ્યા છે. કંપનીએ નફો, આવક અને માર્જિનમાં સારૂ પ્રદર્શન કર્યુ છે. કંપનીએ નાણાકીય વર્ષ 2027 માટે તેનું માર્ગદર્શન જાળવી રાખ્યું છે. કંપની હજુય પણ સંપુર્ણ નાણાકીય વર્ષ માટે એક ટકાથી ચાર ટકા ચલણની આવક વૃદ્ધિની અપેક્ષા રાખે છે. જુન કવાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો 20.3 ટકા વધીને રૂ. 4624 કરોડ થયો છે. ગત વર્ષના સમાન કવાર્ટરમાં તે રૂ. 3844 કરોડ હતો.

# ફિનો પેમેન્ટ બેન્કમાં 20 ટકાનો ઉછાળો

**જુન** મહિનામાં કંપનીની વાર્ષિક ધોરણે ત્રણ ગણાથી વધુ વૃદ્ધિ પામી હતી

મુંબઇ, તા. 13: જુન મહિનના વિસ્ફોટક બિઝનેસ અપડેટ પર ફિનો પેમેન્ટસ બેન્કનો શેર રોકેટ બની ગયો છે. લોન રેફરલ બિઝનેસ અને કન્ઝયુમર એક્વિઝિશનમાં મજબૂત વૃદ્ધિના કારણે ફિનો પેમેન્ટસ બેન્કના શેરમાં 20 ટકાનો ઉછાળો આવ્યો છે. કેટલાક રોકાણકારોએ તેજીનો ફાયદો ઉઠાવ્યો હતો અને ઉપલા સ્તરેથી નફાવસુલી જોવા મળી હતી, પરંતુ મજબૂત ખરીદીના જોરે છેલ્લે 18.81 ટકા ઉછળીને રૂ. 161ના ભાવે બંધ રહ્યો હતો, તે ઈન્ટ્રાડેમાં 19.97 ટકા ઉછળ્યો હતો. ફિનો પેમેન્ટસ બેન્કની સુચિત સ્મોલ ફાઇનાન્સ બેન્ક માટે પાયલોટ પ્રોજેક્ટ તરીકે કામ કરી રહેલા લોન રેફરલ બિઝનેસે જુનમાં ધુમ મચાવી હતી અને વાર્ષિક ધોરણે ત્રણ ગણાથી વધુ વૃદ્ધિ પામી હતી. ગત મહિને તે વાર્ષિક ધોરણે રૂ. 68 કરોડથી વધીને જુનમાં રૂ. 240 કોરડ થયો હતો. પેમેન્ટ બેન્કના જણાવ્યા અનુસાર આ ઝડપી વૃદ્ધિ તેના હાલના ગ્રાહક આધારને ધિરાણ આપવાની સંભાવના દર્શાવે છે અ તેની લાંબાગાળાની ધિરાણ વ્યૂહરચનાને મજબૂત બનાવે છે.

જો કે, ફિનો પેમેન્ટ્સ બેંકના ટ્રાન્ઝેક્શન બિઝનેસ જેમ કે રેમિટન્સ, માઇક્રો એટીએમ અને આધાર-સક્ષમ પેમેન્ટ સિસ્ટમ સેવાઓને જૂનમાં પડકારોનો સામનો કરવો પડ્યો હતો કારણ કે ગ્રાહકો વધુને વધુ યુપીઆઈ આધારિત ચુકવણી તરફ આગળ વધી રહ્યા હતા. આ સિવાય મજબૂત ટ્રાન્ઝેક્શન પ્રોફાઈલ ધરાવતા ઉચ્ચ ગુણવત્તાવાળા વેપારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાની વ્યૂહરચના પણ ધીમી પડી છે. જોકે, અગાઉના મહિનાઓની સરખામણીમાં તેનો ઘટાડો સુસ્ત રહ્યો છે, જે સ્થિરતા દર્શાવે છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નોકરી વિષયક

**ફિઝિયોથેરાપી**
ક્લિનિક માટે લેડીઝ, જેન્ટ્સ સ્ટાફ જોઈએ છૈ, પાલનપુર પાટિયા, રાંદેર રોડ, સુરત, 9104731600

**ટેલી કોલિંગ**
કરી શકે તેવા છોકરીઓ જોઈએ છે. Mo.No. 9974252925

**જોઈએ છે**
મીલજીન સામાનની સ્કુટર ઉપર ડિલીવરી કરી શકે તેવા યુવાન છોકરાની જરૂર છે સ્કુટર આવડવું જરૂરી છે અરજી સાથે મળો. ભારતી.સી. કડીવાલા જલારામ ઈન્ડસ્ટ્રીયલ બાપા સીતારામ ચોકડી સંદીપ વેલ્ડિંગની સામે પાંડેસરા વડોદ બમરોલી સુરત. mo 9825106869

**દુકાન માટે**
ઉત્સાહી છોકરી (FEMALE) જોઈએ છે. પાર્ટ/ ફુલ ટાઈમ (કોમ્પ્યુટર જાણકાર) શોભન ઈલેક્ટ્રીકલ્સ ગંગેશ્વર મહાદેવ રોડ અડાજણ. ફોન કરવાનો સમય- 11 થી 7. 9904064499

વ્યવસાયીક વેચવાનું છે

**તાત્કાલિક વેચવાનું**
Double Girder EOT Crane. New, Unused, Specifications: Double Grider EOT Crane, Capacity; 20 Ton, Span: 9.75 Meter, HOL: 5.48 Meter, With DSL કિંમત રૂબરૂ ચર્ચા મુજબ. Raspal Vadhwani: 9925244242.

વ્યવસાયીક ધંધાકીય

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ.1500/- આલીશાન,ભવાનીવડ, હરીપુરા, સુરત.

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**લાઈફ હિંચકાના**
કડાં, અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ : 8460222292, 8460222282.

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**જોઇએ છે**
આર. એમ. ઓ. (લેડી)
ગાયનેકના અનુભવીને પ્રેફરન્સ
સિસ્ટર - 2
એ.એન.એમ./જી.એન.એમ./અનુભવી
આયા માસી - 2
ભક્તિ હોસ્પિટલ, ઉધના ગામ સુરત.
9727711567

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

મિલ્કત વેચવાની છે

**બોટોનિકલ ગાર્ડન**
પાસે 5 BHK 130 વારનું રોહાઉસ વેચવાનું છે. સુંદર હવા ઉજાસવાળુ 9374535403 (207)

**મહિધરપુરા માં**
2 બેડરૂમ નો ફર્નિસ્ડ ફ્લેટ વેચવાનો છે 9879276073

**વકીલ, CA,**
આર્કીટેક, ટ્રાવેલ્સ વગેરે લાયક ઓફિસ વેચવાની છે પાર્લે પોઈન્ટ મેઈન રોડ 98792760763

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**તાકીદે વેચવાનું**
છે 92 વારનું મકાન આનંદ મહાલ રોડ આકર્ષક કિંમત મો 8460227144

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.